


RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 175
Dt.: 01-05-2026, Friday
Page:04
Rs.00.50 paisa


નોટિસને હાઈકોર્ટે રદ ઠેરવતા મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો

## ઈનકમ ટેક્સની એસેસમેન્ટ નોટિસોમાં ૨૦૨૬ના કાયદા મુજબ કાર્યવાહી કરો: સુપ્રીમ

### ફાઈનાન્સ એક્ટ, ૨૦૨૧ મારફતે રીએસેસમેન્ટ પ્રક્રિયામાં મોટા ફેરફાર આવ્યા છે અને ઈ-એસેસમેન્ટનો અમલ શરૂ થયો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઈનકમ ટેક્સ એક્ટ અન્વયે અપાયેલી હજારો નોટિસને પ્રભાવિત કરતો મહત્ત્વપૂર્ણ ચુકાદો સુપ્રીમ કોર્ટે આપ્યો છે.

અગાઉ હાઈકોર્ટના સંખ્યાબંધ હુકમમાં જ્યુરિસડિક્શનલ એસેસિંગ ઓફિસર (JAO) દ્વારા અપાયેલી રીએસેસમેન્ટ નોટિસને રદ ઠેરવવામાં આવી હતી.

હાઈકોર્ટના આ હુકમને ફગાવી દેતાં સુપ્રીમ કોર્ટે આવા તમામ કેસ હાઈકોર્ટમાં પરત મોકલવા અને ફાઈનાન્સ એક્ટ, 2026ની જોગવાઈ અન્વયે તેમાં નવેસરથી ન્યાયિક કાર્યવાહી શરૂ કરવા નિર્દેશ આપ્યા છે.

ચીફ જસ્ટિસ સૂર્ય કાંત, જસ્ટિસ બી વી નાગરત્ન અને જસ્ટિસ જોયમાલ્યા બાગચીની બેન્ચે વિવિધ હાઈકોર્ટના અલગ-અલગ હુકમોના કારણે ઉદભવેલી સ્થિતિને ધ્યાને રાખી હજારો અપીલના નિકાલ માટે માર્ગદર્શક નિર્દેશો આપ્યા છે. જેના કારણે ઈનકમ ટેક્સ એક્ટ, 1961ની કલમ 148 અને 148એ અન્વયે JAO દ્વારા અપાયેલી નોટિસ તથા રીએસસમેન્ટ પ્રક્રિયાને ગ્રાહ્ય રાખવી કે પછી ફેસલેસ એસેસેન્ટ મિકેનિઝમ મારફતે આવા કેસનો નિકાલ લાવવો તે અંગેની મૂંઝવણ દૂર થઈ છે.

સુપ્રીમે નોંધ્યુ હતું કે, ફાઈનાન્સ એક્ટ, 2021 મારફતે રીએસેસમેન્ટ પ્રક્રિયામાં મોટા ફેરફાર આવ્યા છે અને ઈ-એસેસમેન્ટનો અમલ શરૂ થયો છે.

આ પ્રક્રિયામાં વિભાગ દ્વારા ફેસલેસ અને ઓટોમેટિક પ્રક્રિયા હાથ ધરાય છે. તેથી JAOને નોટિસ-કાર્યવાહીના અધિકાર બાબતે વિવાદ ઊભો થયો હતો. વિવિધ હાઈકોર્ટમાં ઈનકમ ટેક્સ રીએસેસમેન્ટના કેસમાં અલગ-અલગ ચુકાદા આવ્યા હતાં.

JAOની નોટિસ અને ફેસલેસ ઓથોરિટીના અધિકારને કેટલાક ચુકાદામાં ગ્રાહ્ય રખાયા હતા, જ્યારે કેટલાક ચુકાદામાં JAOને નોટિસ આપવાના અધિકાર ન હોવાનું ઠરાવાયું હતું.

ફાઈનાન્સ એક્ટ, 2026 હેઠળ કાનૂની જોગવાઈઓ લાગુ કરાઈ હતી.

આ એક્ટથી JAOની અધિકારક્ષેત્રની સ્પષ્ટતા થઈ છે અને હાઈકોર્ટે એસેસીની તરફેણમાં આપેલા ચુકાદાઓ રદ ઠર્યા છે. આ પ્રકારના કેસોમાં વિવિધ હાઈકોર્ટ્સને 2026ના એક્ટ મુજબ નિર્ણય લેવા માટે સુપ્રીમ કોર્ટે નિર્દેશ આપ્યા છે.



જરાક એ દર્દ અને અપમાનની કલ્પના કરો...

## દુષ્કર્મ પીડિત બાળકીના ગર્ભપાત મામલે CJI ભાવુક

### પિટિશન પર સુનાવણી દરમિયાન કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે, કોઈ પણ સ્ત્રી પર અનિચ્છનીય ગર્ભાવસ્થા થોપી શકાય નહીં

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે ૧૫ વર્ષની દુષ્કર્મ પીડિતાના ૩૦ અઠવાડિયાના ગર્ભપાત મામલે સુનાવણી કરતા માનવીય સંવેદનાઓને સ્પર્શે તેવું વલણ અપનાવ્યું છે. AIIMS દ્વારા દાખલ કરવામાં આવેલી ક્યુરેટિવ પિટિશન પર સુનાવણી દરમિયાન કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે, કોઈ પણ સ્ત્રી પર અનિચ્છનીય ગર્ભાવસ્થા થોપી શકાય નહીં.

૧૫ વર્ષની એક સગીરા દુષ્કર્મનો શિકાર બની હતી અને તે ૩૦ અઠવાડિયાની ગર્ભવતી હતી. અગાઉ કોર્ટે ગર્ભપાતની મંજૂરી આપી હતી, જેની સામે AIIMS એ ફરી અપીલ કરી હતી. AIIMS ના ડોક્ટરોએ જણાવ્યું હતું કે આ મામલો 'બાળકી વિરુદ્ધ ભ્રૂણ' નો નથી પરંતુ 'બાળકી વિરુદ્ધ બાળકી' (નાની ઉંમરમાં મા બનવું) નો છે. જો ગર્ભપાત કરવામાં આવે તો સગીરાને ભવિષ્યમાં શારીરિક સમસ્યાઓ થઈ શકે છે તેવી રજૂઆત પણ કરવામાં આવી હતી.

ચીફ જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્યા બાગચીની બેન્ચે જણાવ્યું હતું કે પીડિતા પોતે એક બાળકી છે. જે ઉંમરે તેણે ભણવું જોઈએ, તે ઉંમરે તેને મા બનવા માટે મજબૂર કરવામાં આવી રહી છે. તેણે જે પીડા અને અપમાન સહન કર્યું છે તેની કલ્પના કરો. કોર્ટે ભારપૂર્વક કહ્યું કે અંતિમ નિર્ણય પીડિતા અને તેના માતા-પિતાનો જ હોવો જોઈએ. AIIMS એ માત્ર તેમને સાચું માર્ગદર્શન અને કાઉન્સિલિંગ આપવું જોઈએ. જ્યારે ગર્ભાવસ્થા દુષ્કર્મનું પરિણામ હોય, ત્યારે ગર્ભપાત માટે કોઈ સમય મર્યાદા (Time Limit) હોવી જોઈએ નહીં.

સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને કાયદામાં ફેરફાર કરવા અંગે વિચારવા જણાવ્યું છે કે દુષ્કર્મ પીડિતાઓને ૨૦ અઠવાડિયા પછી પણ અનિચ્છનીય ગર્ભાવસ્થા ખતમ કરવાની મંજૂરી મળવી જોઈએ. દુષ્કર્મ સંબંધિત કેસોની સુનાવણી એક અઠવાડિયામાં પૂર્ણ થાય તેવું આયોજન હોવું જોઈએ જેથી પીડિતાએ લાંબો સમય માનસિક ત્રાસ ન ભોગવવો પડે.

હવે દુબઈમાં ઘરનું ઘર ખરીદવુ બનશે શક્ય

## દુબઈમાં રિયલ એસ્ટેટને બેઠુ કરવા વિઝા નિયમોમાં કરાયો ફેરફાર

### આના પગલે હવેથી નાના રોકાણકારો પણ સાધારણ બજેટમાં ઘરનું ઘર ખરીદીને દુબઈમાં રહેઠાણ બનાવી શકે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)અબુધાબી

દુબઈએ તેના રિયલ એસ્ટેટ ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. હવે, નાના રોકાણકારો પણ દુબઈમાં મિલકત ખરીદીને રહેઠાણ વિઝા મેળવી શકે છે. દુબઈની સરકારે બે વર્ષના પ્રોપર્ટી-લિંક્ડ વિઝા માટે લઘુત્તમ મિલકત મૂલ્યની આવશ્યકતા હટાવી નાખી છે. જો કે, વર્તમાન નિયમોમાં એક એવો ફેરફાર કરાયો છે કે, સંયુક્ત માલિકીની મિલકતોમાં રોકાણ કરનારાઓ માટે, પ્રતિ રોકાણકાર લઘુત્તમ શેર મૂલ્ય નક્કી કરવામાં આવ્યું છે. આ ફેરફારથી દુબઈના રિયલ એસ્ટેટ ક્ષેત્ર ખાસ કરીને મધ્યમ આવક ધરાવતા લોકો અને વિદેશી રોકાણકારો માટે આકર્ષક બનશે તેવી અપેક્ષા છે.

સૌ કોઈ જાણે છે કે, ગલ્ફના દેશોમાં દુબઈ એ એક મુખ્ય વ્યવસાય કેન્દ્ર છે. રિયલ એસ્ટેટ ક્ષેત્રના રોકાણને વધુ પ્રોત્સાહન આપવા માટે, દુબઈએ તેના વિઝાના નિયમોમાં મુખ્ય ફેરફારો લાગુ કર્યા છે. નવા નિયમો હેઠળ, બે વર્ષના પ્રોપર્ટી-લિંક્ડ રેસીડેન્સી વિઝા માટે ફરજિયાત લઘુત્તમ મિલકત મૂલ્યની આવશ્યકતા નાબૂદ કરવામાં આવી છે. પહેલાં, રોકાણકારોએ ઓછામાં ઓછી ૭૫૦,૦૦૦ AED (આશરે રૂપિયા ૧.૯ કરોડ) ની મિલકત ખરીદવી જરૂરી હતી. જોકે, હવે આ જવાબદારી હટાવી લેવામાં આવી છે. જોકે, સરકારે સંયુક્ત રીતે ખરીદેલી મિલકતો માટે એક નવો નિયમ રજૂ કર્યો છે. હવે, જો કોઈ મિલકત એક કરતાં વધુ રોકાણકારોની માલિકીની હોય, તો દરેક રોકાણકારનો વ્યક્તિગત હિસ્સો ઓછામાં ઓછો છઈક્ષ ૪૦૦,૦૦૦ (આશરે રૂપિયા ૧.૦૩ કરોડ) ની કિંમતનો હોવો જોઈએ. અગાઉ, આ મર્યાદા પ્રતિ રોકાણકાર છઈક્ષ ૭,૫૦,૦૦૦ હતી, જેના કારણે નાના રોકાણકારો માટે પ્રોપર્ટી બજારમાં પ્રવેશવું ખૂબ મુશ્કેલ બન્યું હતુ. રિયલ એસ્ટેટ ક્ષેત્રના નિષ્ણાતો માને છે કે, આ પગલું મધ્યમ-સેગમેન્ટના રોકાણકારો માટે એક મોટી તક રજૂ કરે છે. તે ફક્ત વ્યક્તિગત ખરીદદારો માટે માર્ગો ખોલે છે જ નહીં પરંતુ તે મિલકતોના વેચાણને વેગ આપવાની પણ અપેક્ષા રાખે છે જે અગાઉ વિઝા પાત્રતા માટે લાયક ન હતી.

દુબઈએ તેના રિયલ એસ્ટેટને વિશ્વના રોકાણકારો માટે એવા સમયે ખોલી નાખ્યું છે જ્યારે મધ્ય પૂર્વના દેશમાં ઈરાન ઉપર અમેરિકા અને ઈઝરાયેલે હુમલો કર્યો હતો. ત્યાર બાદ ઈરાને અમેરિકાના આર્મી બેઝ કેમ્પ જે જે દેશમાં હતા તે દેશ ઉપર મિસાઈલ મારો કરીને પડોશી દેશ પ્રત્યે નારાજગી વ્યક્ત કરી હતી. આ યુદ્ધને પગલે, માત્ર દુબઈ જ નહીં, સમગ્ર ગલ્ફ ક્ષેત્રના રિયલ એસ્ટેટ સહીતના અન્ય વિકસેવા ઉદ્યોગો ઠપ્પ થઈ ગયા હતા. ઈરાને દુબઈમાં કરેલા મિસાઈલ હુમલાને કારણે, પ્રોપર્ટી ક્ષેત્રે રોકાણકારોમાં ભારે ગભરાટ ફેલાયો હતો. દુબઈમાં મિલકતના વેચાણમાં ભારે ઘટાડો જોવા મળ્યો છે. જેના કારણે ડેવલપર્સે ડિસ્કાઉન્ટ ઓફર અને ગ્રાહકને અનુકૂળ હોય તે પ્રકારે નાણાકીય ચુકવણી કરવાની યોજનાઓ ઓફર કરવા પ્રેરાયા છે.

## દિલ્હી-નોઈડામાં અચાનક વાતાવરણમાં પલટો આવ્યો: ભારે તોફાન અને કરા સાથે વરસાદ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હી-NCR માં જોરદાર ગરમી વચ્ચે ગુરુવારે અચાનક વાતાવરણમાં પલટો આવ્યો છે. બપોર સુધી ભેજ અને અસહ્ય ગરમી બાદ જોરદાર વાવાઝોડા સાથે વરસાદ વરસ્યો છે. કેટલાક વિસ્તારોમાં વરસાદ વરસ્યો છે. દિલ્હીને અડીને આવેલા ગાઝિયાબાદમાં કરા પડ્યા છે. હવામાન વિભાગે પહેલાથી જ વરસાદની આગાહી કરી હતી. હવામાન વિભાગે આગામી ત્રણ કલાકમાં દિલ્હી-એનસીઆર વિસ્તારોમાં વરસાદની ચેતવણી પણ જારી કરી છે. ગુરુવારે રાજધાનીના સફદરજંગમાં લઘુત્તમ તાપમાન ૨૫.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે આંતરરાષ્ટ્રીય હવામાન વિભાગે દિવસ દરમિયાન કેટલાક સ્થળોએ વાવાઝોડાની આગાહી કરી છે. અન્ય હવામાન કેન્દ્રોના ડેટા અનુસાર, પાલમમાં લઘુત્તમ તાપમાન ૨૪.૯ ડિગ્રી સેલ્સિયસ, લોધી રોડમાં ૨૩.૬ ડિગ્રી સેલ્સિયસ, રિજમાં ૨૫ ડિગ્રી સેલ્સિયસ અને આયાનગરમાં ૨૪.૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. મહત્વપૂર્ણ તાપમાન ૩૬ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની ધારણા છે, અને આગાહીઓ દર્શાવે છે કે કેટલાક સ્થળોએ વાવાઝોડા આવી શકે છે. હવામાન વિભાગે આગામી ત્રણ કલાકમાં ઘણા વિસ્તારોમાં વરસાદની ચેતવણી જારી કરી છે. IMD અનુસાર, ઉત્તર દિલ્હી, ઉત્તર-પૂર્વ દિલ્હી (નરેલા, બાવાના, અલીપુર, બુરારી) અને દ્રઝઈ માં કેટલાક સ્થળોએ ગાજવીજ અને વીજળી સાથે ખૂબ જ હળવો વરસાદ પડવાની પ્રબળ સંભાવના છે. આ ઉપરાંત, હરિયાણાના રાજૌંદ, પાણીપત અને ગન્નૌર અને ઉત્તર પ્રદેશના કાંધલા અને બરૌતમાં હળવાથી મધ્યમ વરસાદ અને વીજળી પડવાની સંભાવના છે. પ્રી-મોનસૂન (Pre-Monsoon) ના કારણે હવામાનમાં પલટો આવ્યો છે. દેશના ઘણા રાજ્યોમાં હવામાનમાં પરિવર્તનની અસર જોવા મળી હતી જેના કારણે વરસાદની સીઝન ફરી શરૂ થઈ ગઈ છે. નિષ્ણાતોએ ૨૦૨૬ માટે પણ રેકોર્ડબ્રેક વરસાદની આગાહી કરી હતી.

## જબલપુરમાં મોટી દુર્ઘટના: ૩૦ પર્યટકો ભરેલું ક્રૂઝ બરગી ડેમમાં ડૂબ્યું, અત્યાર સુધીમાં ૪ના મૃતદેહ મળ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)જબલપુર

મધ્યપ્રદેશના જબલપુરના પ્રસિદ્ધ પર્યટન સ્થળ બરગી ડેમમાં ગુરુવારે સાંજે એક મોટી દુર્ઘટના બની છે. નર્મદા નદીના બેકવોટરમાં પ્રવાસીઓથી ભરેલી એક ક્રૂઝ અચાનક ડૂબી જતાં વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ છે. અત્યાર સુધીમાં ૧૫ લોકોને બચાવી લેવાયા છે, જ્યારે ચારના મૃતદેહ મળી આવ્યા છે.

પ્રાથમિક જાણકારી મુજબ, અચાનક આવેલા તોફાન અને ભારે પવનને કારણે ક્રૂઝનું સંતુલન બગડ્યું હતું અને તે પાણીમાં ડૂબી ગઈ હતી.

દુર્ઘટના સમયે ક્રૂઝ પર અંદાજે ૩૫થી ૪૦ પ્રવાસીઓ સવાર હતા. ઘટનાની જાણ થતા જ સ્થાનિક લોકો અને પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો.

NDRF અને SDRFની ટીમોએ તાત્કાલિક રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કર્યું હતું, જેમાં અત્યાર સુધીમાં ૧૫થી વધુ લોકોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા છે. જોકે, હજુ પણ ઘણા પ્રવાસીઓ લાપતા હોવાનું જાણવા મળી રહ્યું છે. પોલીસ પ્રશાસન દ્વારા અત્યાર સુધીમાં ચાર લોકોના મોતની પુષ્ટિ કરવામાં આવી છે, જેમના મૃતદેહ બહાર કાઢી લેવાયા છે. આ ચાર મૃતદેહોમાં ત્રણ મહિલાઓનો સમાવેશ થાય છે.

મધ્યપ્રદેશનું ધાર મરણચીસોનું ગુંજી ઉઠ્યું

## શ્રમિકોથી ભરેલી પિકઅપ પલટી મારતા ૧૨ના મોત, ૧૩ને ઈજા

### પિકઅપ વાહનમાં ક્ષમતા કરતા વધુ અંદાજે ૩૦ થી ૩૫ શ્રમિકો સવાર હતા, જે બાદ ડ્રાઈવરે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)ધાર

મધ્યપ્રદેશના ધાર જિલ્લામાં આજે બુધવારની રાત્રે એક દર્દનાક અકસ્માત સર્જાયો છે. ચીકલિયા સ્થિત રિલાયન્સ પેટ્રોલ પંપ પાસે શ્રમિકોથી ભરેલી એક પિકઅપ વાન અનિયંત્રિત થઈને પલટી ખાઈ ગઈ હતી. જેમાં ૧૨ લોકોના મોત થયા છે. પ્રાથમિક માહિતી મુજબ મૃતકોમાં બે બાળકોનો પણ સમાવેશ છે. સ્કોર્પિયોને પણ ટક્કર મારી હતી, અકસ્માત બાદ વિસ્તારમાં બૂમાબૂમ અને અફરાતફરી મચી ગઈ હતી.ઘટના સાંજે લગભગ રાત્રે ૮:૩૦ વાગ્યાએ ઘટી હતી. જાણકારી અનુસાર, પિકઅપ વાહનમાં ક્ષમતા કરતા વધુ અંદાજે ૩૦ થી ૩૫ શ્રમિકો સવાર હતા. જે બાદ ડ્રાઈવરે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો, વાહન અચાનક પલટી જવાથી ઘણા લોકો તેની નીચે દબાઈ ગયા હતા અને ઘટનાસ્થળે જ અનેક લોકોના મોત નીપજ્યા હતા. અકસ્માતની જાણ થતા જ સ્થાનિક લોકો અને પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ઈજાગ્રસ્તોને તાત્કાલિક જિલ્લા હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે.૧૨ના મોત ઉપરાંત આ ભીષણ અકસ્માતમાં ૧૩ મજૂરો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. જિલ્લા હોસ્પિટલમાં દાખલ ઈજાગ્રસ્તો પૈકી અનેકની હાલત નાજુક હોવાનું કહેવાય છે. ડોક્ટરોની ટીમ સતત તેમની સારવાર કરી રહી છે. પોલીસે અકસ્માતે ગુનો નોંધી આ મામલે તપાસ શરૂ કરી દીધી છે.

શાંતિ સમજૂતી સુધી નૌકાદળની નાકાબંધી ચાલુ રહેશે: ટ્રમ્પ

## નાકાબંધી સામે 'અભૂતપૂર્વ લશ્કરી કાર્યવાહી' કરવાની ઈરાનની ધમકી

### ઈરાનનું રાષ્ટ્રીય ચલણ 'રિયાલ' ઘટીને પ્રતિ યુએસ ડોલર ૧.૮ મિલિયનના રેકોર્ડ નીચલા સ્તરે પહોંચી ગયું

(સંપૂર્ણ સમાચાર સેવા)તહેરાન

ઈરાન અને ઈઝરાયેલ સાથેના અમેરિકાના યુદ્ધનો અંત નજીકના ભવિષ્યમાં દેખાતું નથી. ઈરાને અમેરિકાની નાકાબંધીને તેની દરિયાઈ ચાંચિયાગીરી અને લૂંટફાટ ગણાવી ટૂંકસમયમાં અભૂતપૂર્વ લશ્કરી કાર્યવાહી કરવાની ધમકી આપી છે. તો બીજી બાજુઅમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે જ્યાં સુધી ઈરાની શાસન અમેરિકા સાથે શાંતિ સમજૂતી માટે સંમત ન થાય ત્યાં સુધી તેઓ ઈરાન પર નૌકાદળની નાકાબંધી ચાલુ રાખશે. ટ્રમ્પનું માનવું છે કે આ આર્થિક અને લશ્કરી દબાણ જ ઈરાનને મંત્રણાના ટેબલ પર લાવશે. બીજી બાજુ અમેરિકાએ જાહેરાત કરી છે કે ઈરાન સાથેના યુદ્ધને કારણે તેને ૨૫ અબજ ડોલરનું નુકસાન થયું છે. દરમિયાન યુદ્ધનો અંત લાવવા માટેની વાટાઘાટો અટકી પડી છે.દરમિયાન, આ મામલાથી વાકેફ સૂત્રોએ દાવો કર્યો છે કે, યુએસ સેન્ટ્રલ કમાન્ડ એ ઈરાન પર હુમલાની એક ટૂંકી અને શક્તિશાળી હુમલા માટેની તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે. જો ઈરાન તરફથી કોઈ ઉશ્કેરણીજનક પગલું ભરવામાં આવશે અથવા સમજૂતીમાં અવરોધ ઊભો થશે, તો અમેરિકા આ લશ્કરી કાર્યવાહી કરવા માટે તૈયાર છે.આ ઘટનાક્રમ દર્શાવે છે કે પશ્ચિમ એશિયામાં પરિસ્થિતિ અત્યંત નાજુક છે અને અમેરિકા ઈરાન પર મહત્તમ દબાણ લાવવાની વ્યૂહરચના પર આગળ વધી રહ્યું છે. એક અહેવાલ મુજબ, ઈરાનના સશસ્ત્ર દળોનું માનવું છે કે ધીરજની પણ મર્યાદા હોય છે. જો યુનાઈટેડ સ્ટેટ્સ હોર્મુઝની ખાડીમાં તેની ગેરકાયદેસર નૌકાદળની નાકાબંધી ચાલુ રાખશે, તો શિક્ષાત્મક પ્રતિસાદ આપવો જરૂરી બનશે. જો અમેરિકાની જિદ અને ભ્રમ ચાલુ રહેશે અને ઈરાનની શરતોને નકારવામાં આવશે, તો દુશ્મનએ ટૂંક સમયમાં નૌકાદળની નાકાબંધી સામે એક અલગ પ્રકારના પ્રતિસાદની અપેક્ષા રાખવી જોઈએ. ઈરાન તેની આ હિલચાલને "દરિયાઈ લૂંટફાટ" સમાન ગણાવે છે.ઈરાનના વિદેશ મંત્રી સૈયદ અબ્બાસ અરાઘચીએ ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકર સાથે ફોન પર વાતચીત કરી હતી અને પશ્ચિમ એશિયાના સંકટના વિવિધ પાસાઓ પર ચર્ચા કરી હતી. એસ. જયશંકરે સોશિયલ મીડિયા પર આ અંગે માહિતી આપતા જણાવ્યું કે, આજે સાંજે ઈરાનના વિદેશ મંત્રી સૈયદ અબ્બાસ અરાઘચીનો ફોન આવ્યો હતો. તેમની સાથે વર્તમાન પરિસ્થિતિના વિવિધ પાસાઓ વિશે વિગતવાર વાતચીત થઈ હતી. ઈરાનનું રાષ્ટ્રીય ચલણ 'રિયાલ' ઘટીને પ્રતિ યુએસ ડોલર ૧.૮ મિલિયનના રેકોર્ડ નીચલા સ્તરે પહોંચી ગયું છે. ૨૮ ફેબ્રુઆરીથી શરૂ થયેલા યુદ્ધ દરમિયાન રિયાલ અઠવાડિયા સુધી સ્થિર રહ્યો હતો, જેનું મુખ્ય કારણ દેશમાં નહિવત વેપાર અને આયાત હતી.







# ક્ષેત્રીય આકાંક્ષાઓ, વૈશ્વિક મહત્ત્વાકાંક્ષાઓ

## કેન્દ્રિત ક્ષેત્રો

- જેમ્સ એન્ડ જ્વેલરી
- ટેક્સટાઇલ્સ એન્ડ એપેરલ્સ
- કૃષિ એન્ડ ફૂડ પ્રોસેસિંગ
- કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ
- ટુરિઝમ

## કૉન્ફરન્સની વિશેષતાઓ

- ઉદ્‌ઘાટન સમારોહ
- સેક્ટર-સ્પેસિફિક સેમિનાર
- રાષ્ટ્રવ્યાપી સેમિનાર
- પ્રાદેશિક પુરસ્કારો (MSMEs/કારીગર-કસબી)
- પ્રાદેશિક MSME કૉન્ક્લેવ
- પેનલ ચર્ચાઓ
- રાઉન્ડ ટેબલ કૉન્ફરન્સ
- રિવર્સ બાયર-સેલર મીટ
- ઉદ્યમી મેળો
- ટ્રેડ શો/પ્રદર્શન
- B2B/B2G મીટિંગ્સ
- વિશેષ પ્રવાસ/ઔદ્યોગિક ક્ષેત્રોની મુલાકાત
- વિક્રેતા વિકાસ કાર્યક્રમ
- સમાપન સત્ર

ભવ્ય ઉદ્‌ઘાટન
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત
**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના**
વરદ હસ્તે

ગરિમામયી ઉપસ્થિતિ
**શ્રી હર્ષ સંઘવી**
માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

**ગુજરાત સ્થાપના દિવસ**
**1 મે, 2026**

1 મે, 2026, શુક્રવાર | સવારે 09:30 વાગે | ઔરો યુનિવર્સિટી, સુરત, ગુજરાત

**"વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સથી ગુજરાતના ઔદ્યોગિક ઉત્કર્ષની નવી દિશા ખુલશે."**
**- શ્રી હર્ષ સંઘવી, માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત**

## વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝિબિશન

1થી 5 મે, 2026 | સવારે 10:00 થી સાંજે 5:30 વાગ્યા સુધી


વેબસાઇટ પર પહોંચવા માટે સ્કૅન કરો

ભાગીદાર દેશ: Japan, Rwanda, Singapore, Ukraine

ભાગીદાર સંસ્થાઓ: JETRO Japan External Trade Organization, US-INDIA Strategic Partnership Forum, Trade Representation of the Russian Federation, AMCHAM INDIA, kotra Korea Trade-Investment Promotion Agency

લોકેશન પર પહોંચવા માટે સ્કૅન કરો

લાઇવ પ્રસારણ: CMOGuj | CMOGuj | CMOGujarat | CMOGujarat | vibrantgujarat | vibrantgujarat | vibrant_gujarat | vibrantgujarat



ગુજરાત સરકાર
વિકસિત ભારત વિકસિત ગુજરાત
૬૬ મો ગુજરાત ગૌરવ દિવસ
મારું ગુજરાત, મારું ગૌરવ
ગુજરાતના ૬૬મા સ્થાપના દિનની સુરત ખાતે રાજ્યકક્ષાની ભવ્ય ઉજવણી
સમારોહના અધ્યક્ષ
શ્રી આચાર્ય દેવવ્રત
માનનીય રાજ્યપાલ, ગુજરાત
ગરિમામયી ઉપસ્થિતિ
શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત
તથા
શ્રી હર્ષ સંઘવી
માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત
પ્રત્યેક ગુજરાતી બોલે છે,
અંતરમનનો અવાજ બોલે છે,
આ ગુજરાત મેં બનાવ્યું છે.
- શ્રી નરેન્દ્ર મોદી
માનનીય વડાપ્રધાન
પોલીસ પરેડ
તારીખઃ ૧ મે ૨૦૨૬, શુક્રવાર, સમયઃ સાંજે ૬-30 વાગે
સ્થળઃ વાય જંક્શન, સુરત
સાંસ્કૃતિક કાર્યક્રમ
તારીખઃ ૧ મે ૨૦૨૬, શુક્રવાર, સમયઃ સાંજે ૭-30 વાગે
સ્થળઃ ડુમસ સી-ફેસ, સુરત
ઉદ્યોગશક્તિ
વિકાસ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર
સાગરશક્તિ
ગ્રીન ગ્રોથ
કૃષિસમૃદ્ધિ
પર્યટન અને સાંસ્કૃતિક વારસો
સશક્ત અને સ્વસ્થ ગુજરાત
સુરતના આંગણે ઉજવાઈ રહેલો ૬૬મો 'ગુજરાત ગૌરવ દિવસ' એ આપણી અવિરત વિકાસયાત્રાનો એવો ઝળહળતો ઉત્સવ છે,
જે 'વિકસિત ગુજરાત થકી વિકસિત ભારત' નો મક્કમ માર્ગ કંડારી રહ્યો છે. - શ્રી હર્ષ સંઘવી, માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

# તંત્રી લેખ......

## યુપીઆઈ એક સંભવિત વૈશ્વિક ઉકેલ

આ ફેબ્રુઆરીમાં, જ્યારે અમેરિકા અને ઈઝરાયલે ઈરાન પર હુમલો કર્યો, ત્યારે પશ્ચિમ એશિયા હચમચી ગયું. ઈરાને ઈઝરાયલ, બહેરીન, કુવૈત, કતાર, સાઉદી અરેબિયા અને સંયુક્ત આરબ અમીરાત પર સેંકડો મિસાઈલો અને ડ્રોન છોડ્યા અને હોર્મુઝ સ્ટ્રેટ બંધ કરીને બદલો લીધો, જે દરિયાઈ માર્ગ છે જેના દ્વારા વિશ્વનો ૨૦ ટકા તેલ અને અબજો ડોલરનો વેપાર પસાર થાય છે. બેંકિંગ ચેનલો ધીમી પડી ગઈ, જેના કારણે રેમિટન્સ મુશ્કેલ બન્યું. ૪૦ દિવસની ભીષણ લડાઈ પછી, બે અઠવાડિયાનો યુદ્ધવિરામ થયો, પરંતુ તેના વિસ્તરણ પછી પણ, પરિસ્થિતિ નાજુક રહે છે. આ યુદ્ધે વૈશ્વિક અર્થતંત્રને તબાહ કરી દીધું. હોર્મુઝ સ્ટ્રેટ બંધ થવાથી તેલના ભાવ આસમાને પહોંચ્યા. શિપિંગ કંપનીઓને રૂટ બદલવાની ફરજ પડી, અને સૌથી નોંધપાત્ર રીતે, યુએઈ, કુવૈત, બહેરીન અને સાઉદી અરેબિયામાં કામ કરતા લાખો ભારતીય કામદારોને તેમના પરિવારોને પૈસા મોકલવામાં મુશ્કેલી પડી. પરંપરાગત બેંકિંગ સિસ્ટમ કટોકટીમાં હતી. આ પહેલી વાર નથી જ્યારે દુનિયાએ જોયું છે કે નાણાકીય સિસ્ટમોને હથિયાર બનાવી શકાય છે. ૨૦૧૨ માં, રશિયા-યુક્રેન યુદ્ધ પછી, પશ્ચિમી દેશોએ રશિયાને જીઉૈંહ્વ માંથી બહાર કાઢ્યું. આ સિસ્ટમ વૈશ્વિક બેંકોને એકબીજાને પૈસા મોકલવાની મંજૂરી આપે છે. ટૂંકમાં, તે બેંકોનું વોટ્સએપ છે. એસડબ્લ્યુઆઈએફટીમાંથી રશિયાને બાકાત રાખ્યા પછી, રશિયનો વિશ્વથી કપાઈ ગયા છે. હવે, ઈરાન પર પણ કડક પ્રતિબંધો છે.

ભારતે ૨૦૧૬ માં યુપીઆઈ અથવા યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ શરૂ કર્યું, જ્યારે વિશ્વમાં આવા સંકટ અકલ્પનીય હતા. નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા, અથવા એનપીસીઆઈએ દરેક ભારતીય માટે સસ્તું, ઝડપી અને સરળ ડિજિટલ ચુકવણી સુનિશ્ચિત કરવા માટે આ સિસ્ટમ બનાવી હતી. તે સમયે, કોઈએ કલ્પના પણ નહોતી કરી કે યુપીઆઈ એક દિવસ એસડબ્લ્યુઆઈએફટીનો વિશ્વનો સૌથી નિષ્પક્ષ વિકલ્પ બની શકે છે. રશિયા-યુક્રેન યુદ્ધ અને હવે યુએસ-ઈઝરાયલ-ઈરાન યુદ્ધે સાબિત કર્યું છે કે ભારતે તેના નાગરિકો માટે બનાવેલી સિસ્ટમની વિશ્વભરમાં જરૂર છે. એસડબ્લ્યુઆઈએફટીએ તટસ્થ રહેવાનું વચન આપ્યું હતું, પરંતુ જ્યારે રાજકારણ રમતમાં આવ્યું, ત્યારે તેણે પક્ષ લીધો યુપીઆઈ કોઈના હાથમાં હથિયાર નથી, અને આ તેની સૌથી મોટી તાકાત છે. યુપીઆઈ જેનો ઉપયોગ તમે દરરોજ ફોન પે,ગુગલ પે અથવા પેટીએમ દ્વારા કરો છો, તે વિશ્વની સૌથી ઝડપી અને સસ્તી ચુકવણી સિસ્ટમ છે. હવે, તે રાષ્ટ્રીય સરહદો પાર કરી રહી છે યુપીઆઈ પહેલાથી જ સિંગાપોર,યુએઈ, ફ્રાન્સ અને મોરેશિયસ સહિત ઘણા દેશો સાથે સંકલિત થઈ ગયું છે. ભારત વિદેશી રેમિટન્સનો વિશ્વનો સૌથી મોટો પ્રાપ્તકર્તા છે. દર વર્ષે, ભારતીયો આશરે ૧૧ લાખ કરોડ (આશરે ૧.૧ ટ્રિલિયન) ઘરે મોકલે છે. લંડનમાં એક નર્સ, હ્યુસ્ટનમાં એક એન્જિનિયર અને દુબઈમાં એક દુકાનદાર બધા તેમના પરિવારોને પૈસા મોકલે છે. પરંપરાગત રેમિટન્સ પદ્ધતિઓમાં ઘણીવાર ૬-૭% ફીનો સમાવેશ થાય છે યુપીઆઈ દ્વારા આ ખર્ચને વર્ચ્યુઅલ રીતે દૂર કરી શકાય છે. જ્યારે વિશ્વ યુદ્ધમાં હોય છે, ત્યારે પૈસા બ્લોક ન કરવા જોઈએ યુપીઆઈ આ સુનિશ્ચિત કરી રહ્યું છે. હવે, પ્રશ્ન એ ઊભો થાય છેઃ શું રશિયા કે ચીન પણ આવું જ કંઈક બનાવ્યું ન હતું? તેઓએ કર્યું હતું, પરંતુ વિશ્વએ વિશ્વાસના અભાવને કારણે તેમને અપનાવ્યા ન હતા. ઈરાન સામેના યુદ્ધે દર્શાવ્યું કે વિશ્વ યુનાઈટેડ સ્ટેટ્સ દ્વારા લક્ષિત દેશોની ચુકવણી પ્રણાલીઓને સ્વીકારતું નથી. ભારત ન તો પ્રતિબંધો લાદતું છે કે ન તો કોઈને ધમકી આપતું છે. તેથી, ઘણા દેશો યુપીઆઈમાં જોડાવા તૈયાર છે. આ યુદ્ધે એ પણ સ્પષ્ટ કર્યુંઃ વિશ્વ ડોલર પર તેની નિર્ભરતા ઘટાડવા માંગે છે. ભારતની રૂપિયા-આધારિત યુપીઆઈ સેટલમેન્ટ સિસ્ટમ એક વ્યવહારુ ઉકેલ છે.

## આરોગ્ય કમિશ્નર કચેરીના બજેટ-ઓડીટ શાખામાં કર્મચારીઓના હાજરી પત્રક અને બાયોમેટ્રીક હાજરીમાં ભ્રષ્ટાચારની આશંકા : આરોગ્યમંત્રી કાર્યાલયે ફરીયાદ






પ્રતિનિધિ,ગાંધીનગર

આરોગ્ય કમિશ્નર કચેરીના આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (આરોગ્ય વિભાગ) ના બજેટ અને ઓડીટ શાખામાં કામ કરતા કર્મચારીઓની હાજરીને લઈ ભ્રષ્ટાચારની ફરીયાદો ઉઠવા પામી છે.

આ અંગે એક અરજદાર દ્વારા માહિતી અધિકાર કાયદા હેઠળ આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (આરોગ્ય વિભાગ) ના બજેટ શાખામાં ફરજ બજાવતા કર્મચારીઓની વર્ષ ૨૦૧૮ થી ૨૦૨૫ સુધીના હાજરીપત્રક અને બાયોમેટ્રીક હાજરીની સર્ટીફાઈડ નકલો માંગવામાં આવી હતી. અરજદાર દ્વારા એવુ પણ કહેવામાં આવ્યુ હતુ કે નકલો આપવામાં જે પણ સરકારી ધારા ધોરણ મુજબ ભરવી પડતી ફી ભરવા બંધાયેલ છું. તેમ છતાં અધિક નિયામક ડો.નિલમ પટેલ(જાહેર આરોગ્ય) દ્વારા માહિતી છુપાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. અધિક નિયામક દ્વારા માહિતી આપવામાં ન આવતા અંતે મીડીયા દ્વારા આરોગ્યમંત્રી ને રજુઆત કરવામાં આવતા ખુદ મંત્રીના પીએસ શંકાના દાયરામાં હોય તેવુ તેમના જવાબો ઉપરથી લાગી રહ્યુ હતું. પીએસ દ્વારા વિભાગના અધિકારીઓ પાસેથી માહિતી અપાવવાના બદલે પીએસ દ્વારા ઉડાઉ જવાબો આપવામાં આવતા પીએસ ની કામગીરી સામે સવાલો ઉઠી રહ્યા છે.

સરકારી કચેરીઓમાં કામ કરી વેતન મેળવતા કર્મચારીઓની હાજરીપત્રક આપવામાં ગલ્લાં તલ્લાં કરવામાં આવતા ભ્રષ્ટાચારની આશંકા સેવવામાં આવી છે. કચેરીના સુત્રોએ નામ ન આપવાની શરતે જણાવ્યુ હતુ કે વહિવટી અધિકારી દ્વારા કર્મચારીઓના હાજરીપત્રક અને બાયોમેટ્રીક હાજરીમાં કેટલીક ગેરરીતીઓ આચરવામાં આવી છે. સવાલ એ ઉઠી રહ્યો છે કે કર્મચારીઓ નિયમિત કચેરીમાં આવી બાયોમેટ્રીક હાજરી અને અન્ય હાજરીપત્રકમાં હાજરી પુરાવતા હોય તો માહિતી કેમ આપવામાં આવતી નથી ? શું કર્મચારીઓ ગેરહાજર હોવા છતાં બારોબાર કટકી આપી હાજરી પુરવામાં તો નથી આવતી ને ? તેવા અનેક સવાલો ઉઠી રહ્યા છે જે હોય તે પરંતુ આરોગ્ય મંત્રીના કાર્યાલયે પીએસ ને કરેલી ફરીયાદ કેટલી કારગત નિવડે છે તે હવે જોવુ રહ્યું.

## માણાવદર ભાજપમાં આંતરીક વિખવાદ ચરમસીમાએઃ દિનેશ ખટારીયાએ જવાહર ચાવડા પર વિશ્વાસઘાત કરવાનો લગાવ્યો આરોપ




પ્રતિનિધિ,ગાંધીનગર

જુનાગઢમાં જયારથી વિસાવદરની ચુંટણી પુરી થઈ ત્યારથી જ એવુ કહેવાઈ રહ્યુ છે કે જવાહર ચાવડા પાછલા બારણે થી આમ આદમી પાર્ટીને મદદ કરી રહ્યા છે. અને ત્યારે આજે વધુ એક વાર તેમના વિરૂધ્ધ આવી ચર્ચાઓ શરૂ થઈ છે.

જુનાગઢ જિલ્લા ભાજપમાં લાંબા સમયથી સળગી રહેલો આંતરીક વિખવાદ હવે જાહેર મંચ પર આવી ગયો છે. માણાવદર બેઠકના રાજકારણમાં વર્ચસ્વની લડાઈ તેજ બનતા સાવજ ડેરીના ચેરમેન દિનેશ ખટારીયાએ પૂર્વ મંત્રી જવાહર ચાવડા સામે ગંભીર આક્ષેપો કર્યા છે. જેના કારણે કાર્યકરોમાં ભારે ચર્ચા જાગી છે. દિનેશ ખટારીયાએ કાર્યકરોને સંબોધતા કહ્યુ હતુ કે જવાહર ચાવડાએ પક્ષ અને સાથીઓ સાથે વિશ્વાસઘાત કર્યો છે અને પીઠ પાછળ ખંજર ભોંકવાનો પ્રયાસ કર્યો છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યુ હતુ કે ભારતીય જનતા પાર્ટી કાર્યકરોની મહેનત અને ત્યાગ થી ઉભી થયેલી સંસ્થા છે. કોઈ વ્યકિતગત નેતાની મિલ્કત નથી. તેમના આ નિવેદનને કારણે પાર્ટીની અંદર ચાલતી જુથબાજી હવે વધુ સ્પષ્ટ બની છે.

ખટારીયાએ ચીમકી આપતા જણાવ્યુ હતુ કે પક્ષમાં રહીને પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનાર અથવા ગદ્દારી કરનાર લોકોને જનતા કયારેય સ્વીકારશે નહી. તેમણે કાર્યકરોને એકજુથ થવાની અને આવનારી રાજકીય લડાઈ માટે તૈયાર રહેવાની અપીલ કરી હતી. તેમના શબ્દોમાં સ્પષ્ટતા હતી કે હવે આ વિવાદ માત્ર અંદરખાને નહી રહે, પરંતુ રાજકીય મેદાનમાં ખુલ્લેઆમ લડાશે. આ ઘટનાએ સ્થાનિક ભાજપ સંગઠન માટે પડકાર ઉભો કર્યો છે.

આંતરીક મતભેદો લાંબા સમય સુધી યથાવત રહ્યા તો આવનારી વિધાનસભા ચુંટણીમાં તેનો પ્રતિકુળ પ્રભાવ પડી શકે છે તો બીજી તરફ પક્ષના ઉચ્ચ નેતૃત્વ દ્વારા યોગ્ય સમયે હસ્તક્ષેપ થાય તો પરિસ્થિતિ નિયંત્રણમાં આવી શકે છે. જુનાગઢ ભાજપમાં ચાલતો આ વિખવાદ રાજકીય વર્તુળોમાં ચર્ચાનો વિષય બન્યો છે.

### ૧ લી મે ગુજરાત સ્થાપના દિવસે યાદ આવે છે સાચા પ્રજા સેવકો

## આજે દીવો લઈને શોધવા જાઓ તો પણ સુરેન્દ્રસિંહ રાજપૂત જેવા નેતા શોધ્યા નહિ જડે?







(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

૧ લી મે,૧૯૬૦ ના દિવસે મુંબઈ સ્ટેટમાંથી ગુજરાત અલગ રાજય બન્યું જે ગુજરાતી ભાષી લોકો તરીકે ઓળખવા લાગ્યું. એ જ અલગ પડેલું મહારાષ્ટ્ર મરાઠી ભાષી લોકોથી ઓળખાવા લાગ્યું. આમ ગુજરાત, મહારાષ્ટ્ર આજે બંને રાજયો પોત પોતાની પ્રાદેશિક ભાષાઓથી જાણીતા બન્યા છે.

જેની આપણે ૧ લી મે ને ગુજરાત સ્થાપના દિવસ તરીકે ઉજવણી કરી ગૌરવ અનુભવીએ છીએ. ત્યારે યાદ આવે છે સ્વ.સુરેન્દ્રસિંહ રાજપૂત જેઓ યુપીના હતા છતાં ગુજરાત વિધાનસભાની સ્થાપના થયા પછી ગુજરાત રાજયના સૌ પ્રથમ પરપ્રાંતિય નેતા તરીકે ગુજરાત વિધાનસભામાં બેસવાનું સૌભાગ્ય મેળવનારા પહેલા નેતા હતા.

આ સુરેન્દ્રસિંહ રાજપૂત કોલેજકાળ દરમ્યાન જી.એસ (જનરલ સેક્રેટરી) તરીકે ચૂંટાઈ આવેલા. ત્યારબાદ અમદાવાદ મ્યુ.કોર્પોરેશનમાં કોર્પોરેટર તરીકે સેવા આપ્યા બાદ બબ્બે ટર્મ ગુજરાત વિધાનસભામાં ધારાસભ્ય તરીકે હિંમતપૂર્વક, નિડરતાથી પ્રજાના પ્રશ્નોની રજૂઆતો કરી પ્રજા લક્ષી કાર્યો કરેલા. એમણે નવનિર્માણ આંદોલન વખતે યુવાનોની પડખે અડીખમ ઊભા રહી યુવાનોને ન્યાય નહિ મળે તો જીવતા સમાધિ લેવાનું એલાન કરતાં સરકાર હચમચી ગઈ હતી.

એમણે વર્ષ ૧૯૭૫ થી રાજકારણમાં પ્રવેશ કરી જી.એસ થી લઈને લોકસભા સુધી ચૂંટણી લડીને માધવસિંહ સોલંકી અને અમરસિંહ ચૌધરીની સરકારોમાં ધારાસભ્ય પદ શોભાવી યશસ્વી કામગીરી કરી હતી. જેની કોંગ્રેસ પાર્ટી ધ્વારા કદર કરવામાં આવી હતી. જયારે રાજીવ ગાંધી વડાપ્રધાન હતા અને કેન્દ્રમાં મહેન્દ્રસિંહ બિટ્ટુ હતા ત્યારે સુરેન્દ્રસિંહે ગુજરાત પ્રદેશ યુવક કોંગ્રેસના પ્રમુખ તરીકે ગુજરાતના વિકાસ માટે ગુજરાત ના છેવાડાના ગામો સુધીની ૧૦ હજાર કિલોમીટર જેટલી પદયાત્રા કરી ખેડૂતો, સામાન્ય માનવીઓની સમસ્યાઓ અને એમની કાયાપલટ માટેના ઉપાયો જાણવા ખૂબ જ નજીકથી પ્રયત્ન કરી સાચા અર્થમાં પ્રજા સેવક સાબિત થયા હતા.

એ જ રીતે મહારાષ્ટ્રમાં રાજ કે. પુરોહિત જેઓ પરપ્રાંતિય એવા રાજસ્થાનના હતા. છતાં મહારાષ્ટ્ર સરકારમાં મંત્રી તરીકે રહી લોકોની સેવા કરેલી. આમ ગુજરાતમાં પરપ્રાંતિય નેતા તરીકે યુપીના સુરેન્દ્રસિંહ રાજપૂત અને મહારાષ્ટ્રમાં રાજસ્થાનના રાજ કે.પુરોહિત જેવા પરપ્રાંતિય નેતાઓએ સ્થાનિક કે પરપ્રાંતિયનો કોઈ પણ ભેદભાવ રાખ્યા વગર સેવાઓ કરેલી જેમણે રાજકારણમાં રહીને પણ કોઈ જાતની કિન્નાખોરી કે તિરસ્કારની ભાવના રાખ્યા વગર સ્વચ્છ અને નીતિમત્તા ના ઊંચા રાજકારણનો દાખલો બેસાડયો હતો. આમ બંને નેતાઓ એ પાર્ટીને વફાદાર રહી બંને રાજયોમાં બહુ મોટો ફાળો આપ્યો હતો. એવા નેતાઓ આજે શોધ્યા પણ જડે નહીં.

## પાલનપુરના ચડોતરમાં પ્રદેશ ભાજપ અધ્યક્ષનો હુંકારઃ તમારા સાડીના પાલવ માંથી બહેનોએ સીટો છીનવી લીધી



પ્રતિનિધિ,ગાંધીનગર

બનાસકાંઠામાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં ભાજપે મોટી જીત મેળવી છે. જિલ્લા પંચાયત, નગરપાલિકા અને મોટા ભાગની તાલુકા પંચાયતો પર કબ્જો મેળવ્યા બાદ પાલનપુરના ચડોતર ખાતે ભાજપ દ્વારા વિજય વિશ્વાસ સંમેલન યોજાયુ હતું. જેમાં પ્રદેશ ભાજપ પ્રમુખ વિશ્વકર્માએ કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. પાલનપુરના ચડોતર ખાતે યોજાયેલા વિજય વિશ્વાસ સંમેલનમાં ભાજપના કાર્યકરો અને આગેવાનોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

ભાજપની જીતને ઉજવવા માટે મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતા. પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ કોંગ્રેસ પર નિશાન સાધતા કહ્યુ હતુ કે લોકસભાની ચુંટણી દરમિયાન ગુજરાત અને બનાસકાંઠાની મહિલાઓનુ અપમાન કરવામાં આવ્યુ હતું. ગેનીબેન પર આકરા પ્રહારો કરતા વિશ્વકર્માએ કહ્યુ હતુ કે તમારા સાડીના પાલવમાંથી બહેનોએ સીટો છીનવી લીધી છે અને એ અપમાનનો જવાબ આપ્યો છે. જગદીશ વિશ્વકર્માએ વડગામના ધારાસભ્ય જિગ્નેશ મેવાણી પર પણ આક્ષેપો કર્યા હતા. તેમણે કહ્યુ હતુ કે વડગામમાં ભાજપે બેઠકો પર જીત મેળવી છે. જયારે વિધાનસભાની ચુંટણીમાં પણ વાવ અને થરાદ જેવી બેઠકો કોંગ્રેસ પાસેથી ભાજપે કબ્જે કરી લીધી છે. પાલનપુરના ચડોતર ખાતે યોજાયેલા આ વિજય વિશ્વાસ સંમેલનમાં ભાજપે પોતાની જીતનો જશ્ન મનાવ્યો હતો અને સાથે જ કોંગ્રેસ પર આકરા પ્રહારો કરતા રાજકીય માહોલ ગરમાયો હતો.

## વોર્ડ નં.૧૮ માં જીતેલા ભાજપના ઉમેદવારો પોતાની જાત ને તિસમાર-ખાં સમજી પોલીસની હાજરીમાં જ અન્ય પાર્ટીના ઉમેદવારો ઉપર હુમલો કરતા હોય? તો અન્ય ની તો વાત જ શું કરવી?

### મેયર,ડે.મેયર, સ્ટેન્ડિંગ ચેરમેન કે સ્ટેન્ડિંગ કમિટીના સભ્યો કે કોઈપણ સમિતિના ચેરમેન બનવા ગોડફાધર ધ્વારા હવાતિયા મારતા દિનેશ રાજપુરોહિત

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સુરતના વોર્ડ નં.૧૮ માંથી **BJP**ની ટિકિટ ઉપર જીતેલા દિનેશ રાજપુરોહિત ને ટિકિટ મળ્યા બાદ એમનો એક વિડીયો/ઓડિયો સોશિયલ મીડિયા પર પ્રસારિત થયો હતો. જેમાં એ આમ આદમીની મહિલા ઉમેદવારને ઉમેદવારી પાછી ખેંચી લેવા માટે શામ-દામ-દંડ-ભેદ ની નીતિ અપનાવતા સંભળાય છે. જેમાં લોભામણી વાતો સાથે ગર્ભિત ધમકી પણ આપવામાં આવી હતી.

આમ બીજી ટર્મમાં ટિકિટ મળતા જ દિનેશ રાજપૂરોહિત આકાશમાં ઉડવા લાગ્યા. એમનું વર્તન લોકશાહીને કલંકરૂપ છે. જે ક્યારેય ચલાવી લેવાય નહીં. જ્યારે લોકશાહી દેશમાં દરેકને ચૂંટણી લડવાનો અધિકાર છે. પછી એ ગમે તે પાર્ટી માંથી લડે એનો વિરોધ સત્તાધારી પાર્ટી કે એના ઉમેદવારો કેવી રીતે કરી શકે?

એટલું જ નહીં જ્યારે ૨૮મી એપ્રિલે ચૂંટણીનું પરિણામ આવ્યા બાદ શહેરના ઉચ્ચ પોલીસ અધિકારીઓની હાજરીમાં જ જ્યારે કોંગ્રેસના હારેલા ઉમેદવાર ખુમાનસિંહ પર જે રીતે **BJP** ના કાર્યકરો દ્વારા ખૂની હુમલો કરવામાં આવ્યો એ લોકશાહીની હત્યાથી ઓછો ન કહેવાય. આ બનાવ સોશિયલ મીડિયામાં પણ બહુ ચમક્યો હતો.

અહીં જોવાનું એ છે કે દિનેશ રાજપુરોહિત બીજી ટર્મમાં ચૂંટાયા એમાં તો કેટલી તમરી કરતા થઈ ગયા છે. લોકશાહી દેશમાં દરેકને ચૂંટણી લડવાનો અધિકાર છે પછી એ ગમે તે પાર્ટી માટે કેમ ના ચૂંટણી લડતા હોય ?એનો વિરોધ સત્તાધારી પાર્ટીના ઉમેદવાર કેવી રીતે કરી શકે? એક બાજુ ભાજપ શિસ્તબધ્ધ અને કેડર બેઝ પાર્ટી હોવાનું કહે છે જેણે ભૂતકાળમાં ભય, ભૂખ અને ભ્રષ્ટાચાર દૂર કરવાની મોટી મોટી વાતો કરી હતી અને બીજી બાજુ એ જ પાર્ટીના જીતેલા ઉમેદવારો ગોડફાધરોના નામે ગુંડાગીરી કરી પોલીસની હાજરીના ધજીયા ઉડાડી રહ્યા છે.

આવા દિનેશ રાજપૂરોહિત જેવા જ્યારે એમને ગોડફાધરોના ખીલાના જોરે નેતાગીરી કરે એની ના નથી પરંતુ સર્વ સમાજ માટે સરખી ભાવના રાખી પ્રજાના કામ કરવા જોઈએ. કોઈના પ્રત્યે તિરસ્કાર કે હિન ભાવના જાહેર જીવનમાં પડેલાઓએ ક્યારેય રાખવી જોઈએ નહીં.

આવી દિનેશ રાજપૂરોહિત જેવી હિન ભાવના રાખનારોને કોઈપણ સમાજનો વ્યક્તિ મોટા નેતાની ઓફિસે જાય છે એ ક્યારેય પસંદ પડતું નથી. એમને કોઈ પણ સમાજના વ્યક્તિ આગળ વધે એ પણ સહન થતું નથી. જે કામ એમણે કરવાના છે એ કામ જે વોર્ડમાંથી ચૂંટાયા હોય એ વોર્ડના લોકોના કામ છે. એમની સેવા કરવાની છે. જ્યાં ગેરકાયદે પાર્કિંગની સમસ્યા છે ઉપરાંત એમની ઓફિસની આજુબાજુના ૧૦૦ થી ૫૦૦ મીટર દૂર દારૂ-જુગારના અડ્ડા ચાલતા હોય, અનૈતિક કામો થતા હોય તો વળી પુણા-પાટીયા કાંગારૂ સર્કલ ઉપર રવિવારી, ગુરુવારી મેળો ભરાતો હોય છે. જેના ટ્રાફિકથી ત્યાંના રહીશો ત્રાહિમામ પોકારે છે એ દિનેશ રાજપૂરોહિતને નથી દેખાતું.

આ દ્રશ્ય જોતા એમની (દિનેશ)ની સાંઠ-ગાંઠ તંત્ર સાથેની ખુલ્લી પડેલી દેખાય છે. આમ જ્યાંથી દિનેશ રાજપુરોહિત જ્યાંથી ચૂંટાયા છે એ વિસ્તાર છોડી રિંગરોડ ની ફોસ્ટાની ઓફિસમાં બેસી દિનેશના ભાઈ પુરોહિત થાળી નામની લોજ ચલાવી રહ્યા છે. એમને કાપડના ધંધા સાથે કોઈ લેવા-દેવા નથી. માર્કેટોના વેપારીઓના સમાધાનો સલાબતપુરા પોલીસની સાંઠ-ગાઠથી સમાધાનો કરાવવા જેવા ગેરકાયદે કામો જે એમના કાર્યમાં નથી એવા કામો કરવા બે ટર્મમાં જ આગળ વધીને દાદાગીરી કરી જતા હોય તો પછી એમણે દિનેશે બે ટર્મમાં સુરતથી લઈને રાજસ્થાન સુધીમાં કેટલી મિલકતો વસાવી હશે? એની પણ તપાસ કરાય તો ઘણું બધુ બહાર આવે એવું છે. પણ તપાસ કરશે કોણ?સુરત શહેરમાં સુરત મ.ન.પા ના પદાધિકારીઓની પસંદગીમાં આવા તક સાધુઓ શહેરને વધુ લૂંટવા માટે સ્થાન મેળવવા માટે તેઓના ગોડફાધરો મારફતે પ્રયત્નો શરૂ કરેલા છે. આવા ભ્રષ્ટાચારીઓને કોઈ ઉચ્ચ હોદ્દા મળશે તો તેઓ શહેરને લૂંટવા કઈ બાકી રાખશે નહીં. આવા ભ્રષ્ટાચારીને સત્તાથી દૂર રાખવા જોઈએ.

## ગાડા નીચે કૂતરું ચાલે જાણે ગાડાનો ભાર તો હું જ ખેંચું છું. એવી માનસિકતામાં રાચતા વિજય ચૌમાલ

હવે વોર્ડ નં.૧૯ ની જો વાત કરીએ તો જેની ટિકિટ કપાઈ છે એ વિજય ચૌમાલે પોતાની ટિકિટ કપાતા ખાનગીમાં એ વિસ્તારના લોકોમાં એમ કહેતા હતા કે વોર્ડ નંબર ૧૯ માં વિજય ચૌમાલ નહીં તો કોઈ નહીં એવો અપપ્રચાર કરી ભાજપના જ ઉમેદવારને હરાવવા પાછલા બારણે પ્રોપરગંડા શરૂ કર્યા હતા. આ વિજય ચૌમાલના **RSS** ના ગોડફાધરો એ વિજય ચૌમાલને બબ્બે ટર્મમાં ટિકિટ અપાવી હતી. દરેક વખતે વિજય ચૌમાલને **RSS**નું પ્રોત્સાહન મળતું હતું.

પરંતુ આ ચૂંટણીમાં વિજય ચૌમાલની ટિકિટ કપાઈ જતા ઉપરાંત એમનો વિડીયો જે વ્યાજે નાણાં આપવાનો ખંડણી નો વાયરલ થયેલો એમાં વ્યાજે નાણાં લેનાર ને વિજય ચૌમાલ નો ધાકધમકી આપતો ઓડિયો પણ ખૂબ જ ચગેલો જ્યારે રણછોડ દેવાસી અને હરીશ ચૌધરી એમની દુકાનનો ભાગીદાર છે. હરીશ ચૌધરીની મુલાકાત રણછોડ દેવાસીએ વિજય ચૌમાલ ને કરાવી હતી. અને રણછોડ દેવાસીના માધ્યમથી વિજય ચૌમાલ ભાગીદાર બન્યા છે.

અને આજે કરોડો રૂપિયા વિજય ચૌમાલ કમાયા છે. અને એ જ રણછોડ દેવાસી ને તાત્કાલિક પૈસાની જરૂરિયાત હતી. વિજય ચૌમાલ પાસે વ્યાજે પૈસા લીધેલા એ રકમ વ્યાજ સાથે ચૂકવ્યા બાદ પણ વિજય ચૌમાલ તરફથી ત્રાસ ગુજારતો અને ધાકધમકી આપવામાં આવતી હતી. જેમાં પોલીસના માધ્યમથી પણ ઉપયોગ કરીને ધમકાવાયા હતા.

અગાઉ બાંધકામ નહીં કરવા બાબતની પાંચ લાખની લાંચ ની પણ ફરિયાદ **ACB** માં વિજય ચૌમાલ વિરુધ્ધ થયેલી હતી. જે કેસ કોર્ટમાં પેન્ડિંગ છે. ત્યારે વોર્ડ નંબર ૧૯ માં ચારેય ઉમેદવારો જીતી જતા આ વિજય ચૌમાલે જાણે કે પોતે જ મહેનત કરી પેનલને જીતાડી હોય એમ એમના રાજકીય આગેવાનો સામે લાડલા થઈ મોટાઈ મારવાનું પણ ચૂકતા નથી અને નેતાઓ સાથે ઊભા રહી ફોટા પડાવી વટ મારે છે.

અને જાહેરમાં કહેતા ફરે છે કે જો મારી વિરુધ્ધમાં **ACB**માં ફરિયાદ ન કરી હોત તો હું વિધાનસભામાં આજે મંત્રી તરીકે બેઠો હોત. આમ આ વિજય ચૌમાલે બે ટર્મ માં કેટલી મિલકતો સુરત થી લઈને રાજસ્થાન સુધીમાં બનાવી છે એની ગરવી ગુજરાતની ટીમ ઊંડાણ પૂર્વકની તપાસ કરી સત્ય બહાર લાવશે.

આમ આવા વિજય ચૌમાલ જેવા નિગમો અને કમિટીઓ માં સ્થાન મેળવવા માટે મોટા માથાઓ એવા નેતાઓના તળિયા ચાટતા પણ લાજ-શરમ અનુભવતા નથી. ત્યારે ક્યાં આજનું રાજકારણ ક્યાં સુરેન્દ્રસિંહ રાજપૂત અને રાજ કે. પુરોહિત જેવા નેતાઓનું રાજકારણ કેટલી હદે રાજકારણ ભ્રષ્ટ થઈ ગયું છે એ આજનો સમય બતાવી રહ્યો છે.

## નવસારી, વાપી અને પાલનપુર માટે નવા ૧૭ સિટી બસ રૂટ મંજૂર

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

રાજ્યના નગર અને મહાનગરોમાં વસતા નાગરિકોની સુખાકારી અને આધુનિક પરિવહન સેવાઓ પૂરી પાડવાના હેતુથી રાજ્ય સરકાર દ્વારા એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. 'મુખ્યમંત્રી શહેરી બસ સેવા યોજના' અંતર્ગત નવસારી, વાપી અને પાલનપુર માટે નવા ૧૭ બસ રૂટને મંજૂરી આપવામાં આવી છે. નવસારી શહેર માટે સૌથી વધુ ૭ નવા રૂટ મંજૂર કરવામાં આવ્યા છે. આ રૂટ શરૂ થવાથી સ્થાનિક નાગરિકોને શહેરના એક છેડેથી બીજા છેડે જવા માટે સરળ અને સસ્તી પરિવહન સેવા ઉપલબ્ધ થશે. દક્ષિણ ગુજરાતના ઔદ્યોગિક હબ ગણાતા વાપી માટે ૪ નવા રૂટની મંજૂરી અપાઈ છે. આનાથી શ્રમિકો અને નોકરિયાત વર્ગને અવરજવર માટે મોટી રાહત મળશે અને ખાનગી વાહનો પરની નિર્ભરતા ઘટશે. બનાસકાંઠાના મુખ્ય મથક પાલનપુરના વિકાસને ધ્યાને રાખીને ત્યાં ૬ નવા રૂટ મંજૂર કરાયા છે. જેનો સીધો લાભ વિદ્યાર્થીઓ અને સામાન્ય જનતાને મળશે. આયોજનબદ્ધ બસ સેવાને કારણે શહેરી વિસ્તારોમાં ટ્રાફિકનું ભારણ ઘટશે અને પ્રદૂષણમાં ઘટાડો થતા પર્યાવરણને ફાયદો થશે. અંતરિયાળ વિસ્તારો સુધી બસ કનેક્ટિવિટી પહોંચવાથી સામાન્ય નાગરિકોના સમય અને નાણાં બંનેની બચત થશે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.

Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com